Ansh - Journal of History
A Peer Reviewed International Refereed Journal
E-ISSN No. 2582–046X
International Journal for Research in Applied History
Website : www.anshjournal.com

# રતિલાલ કાલિદાસ રાવલ : એક સ્વાતંત્ર્ય સેનાની

**Rahulkumar R. Prajapat**
Ph.D. Scholar (Department of History)
Hemchandracharya North Gujarat
University, Patan
Email ID: rahulpraja8140@gmail.com

**સારાંશ :**

૧૯૪૭ પહેલા આપણો દેશ ગુલામ હતો. દેશની આઝાદી અપાવવા માટે ઘણાં ક્રાંતિકારી એ પોતાનો જીવ ગુમાવ્યો હતો. કેટલાક ક્રાંતિકારીએ પોતાની ચળવળ શરૂ કરીને દેશને આઝાદી અપાવવા માટે મહત્વનો ભાગ ભજવ્યો હતો. આવા જ આપણા દેશભક્ત રતિલાલ કાલિદાસ રાવલ જેમણે પોતાનું સંપૂર્ણ જીવન દેશને આઝાદ કરવામાં વ્યતીત કરી દીધું હતું તેઓ મુંબઈમાં રહીને ભૂગર્ભ પ્રેસ ચલાવતા હતા. તે સમયે દેશને આઝાદીની ચળવળને વધુ ઉગ્ર બનાવવા માટે વર્તમાનપત્રો એ ખૂબ જ મહત્વ ભાગ ભજવ્યો હતો. મુંબઈમાં તેઓ ભૂગર્ભ પ્રેસ ચલાવતા હતા ત્યારે અંગ્રેજો ને જાણ થતાં તેમની ધરપકડ કરવામાં આવી હતી અને આઠ મહિનાની જેલની સજા કરવામાં આવી હતી તેમને મુંબઈની પ્રખ્યાત જેલ એરવાડા જેલમાં મોકલવામાં આવ્યા હતા ત્યાર બાદ ત્રણ મહિના પછી ત્યાંથી ઇડરની જેલમાં મોકલવામાં આવ્યા હતા. અહીં જેલમાં બેઠા હતા ત્યારે પણ તેમને દેશભક્તિ ની સેવા કરવાનું શરુ જ રાખ્યું. તેઓ જેલમાં હતા ત્યારે પણ ત્યાંના પોલીસ કોન્સ્ટેબલના છોકરાઓને જેલમાં રહીને શિક્ષણકાર્ય આપતા હતા. આમ રતિલાલ કાલિદાસ રાવલ એક સ્વાતંત્ર્ય સેનાની તરીકે ખૂબ જ મહત્વનો ભાગ ભજવ્યો હતો. રતિલાલ કાલિદાસ રાવલે દાંડીકૂચ યાત્રા અને હિન્દ છોડો ચળવળ ને અસરકારક બનાવવા માટે ખૂબ જ મહત્વનો ભાગ ભજવ્યો હતો. આમ એક દેશભક્ત અને સ્વાતંત્ર સેનાની તરિકે રતિલાલ કાલિદાસ રાવલે પોતાનું સંપૂર્ણ જીવન વ્યતિત કર્યું હતું.

રતિલાલ કાલિદાસ રાવલ તેઓશ્રીને રતિકાકા કે કાકાના હુલામણા નામથી ઓળખવામાં આવે છે. તેમનું મૂળ વતન વડાલી છે પરંતુ તેમનો જન્મ દમણ મુકામે થયો હતો. તેમણે દેશની આઝાદીની ચળવળમાં સક્રિય ભૂમિકા ભજવી હોવાથી તેમનો સમાવેશ એક સ્વાતંત્ર્ય સેનાની તરીકે થાય છે. રતિલાલે આઝાદી માટે જેલ ભોગવીને પણ રાષ્ટ્રીય લક્ષને ધપાવવાનું કામ કર્યું હતું.

**જન્મ :**

રતિલાલ કાલિદાસ રાવલનો જન્મ તારીખ : ૩૦/૦૩/૧૯૧૮ ના રોજ દમણ મુકામે થયો હતો. જયાં તેમનું દમણમાં નોકરી માટે ગયેલું હતું. તેમના પિતાનું નામ કાલિદાસ જીવરામભાઈ રાવલ હતું. રતિલાલને બે પત્નીઓ હતી. પહેલી પત્નીનું નામ લીલાવતી બેન હતું પરંતુ કેન્સરના દર્દથી તેમનું ૩૦ વર્ષની ઉંમરે અવાસન થયું હતું. તેઓ ૮ વર્ષની ઉંમર સુધી દમણમાં જ રહ્યા હતા. પછી વડાલી મુકામે વતનમાં સહકુટુંબ સાથે આવ્યા.

Ansh - Journal of History
A Peer Reviewed International Refereed Journal
E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal for Research in Applied History
Website : www.anshjournal.com

**રાષ્ટ્રીય લડતમાં જોડાવાના હેતુઓ :**

શ્રી રતિલાલે ૧૯૩૯ માં મેટ્રીકની પરીક્ષા આપી. ત્યાર પછી તેઓ ગાંધીજી અને વિનોબા ભાવેના સંપર્કમાં આવ્યા અને તેમણે પોતાના જીવનના મુખ્ય હેતુ એવા સમાજની પછાત જ્ઞાતિઓની સેવા કરવી અને દેશને આઝાદી અપાવવી. દેશ અંગ્રેજોની ગુલામીમાં જકડાયેલો હતો. તેથી તેની પ્રથમ પ્રવૃત્તિ દેશની આઝાદી માટેની લડતને સક્રિય બનાવીને વહેલી તકે આઝાદી અપાવવાની હતી.

ઈ.સ.૧૯૪૨ પહેલાની લડતોમાં એકસૂત્રતા હતી અને લડતો રાષ્ટ્રવ્યાપી પણ હતી. તેથી તે નિષ્ફળ રહેતી હતી. આ લડત રાષ્ટ્રવ્યાપી બને અને અંગ્રેજોને હિંદના લોકોની તાકાતનો પરચો મળી રહે એ જ તેનો મુખ્ય હેતુ હતો.[૧]

**રાષ્ટ્રીય લડતની પ્રવૃત્તિઓ :**

અંગ્રેજ સરકારનું ભારત પર શાસન ચાલતુ હતું તે દરમિયાન ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે સ્વરાજય મેળવવા માટે ભારતીય નેતા સ્વ.પૂજય મહાત્મા ગાંધીજી, સ્વ.પૂજય સરદાર પટેલ, સ્વ.પૂજય જવાહરલાલ નહેરુ વગેરે દ્વારા આંદોલનો અને રાષ્ટ્રીય ચળવળ ચાલુ કરી હતી. છેલ્લી સ્વરાજયની લડત ઈ.સ.૧૯૪૨ માં થઈ અને હિંદ છોડોનું અંગ્રેજ સરકારને એલાન આપ્યું હતું.

**હિંદ છોડો ચળવળ :**

પૂજય મહાત્મા ગાંધીજી અને દેશના અગ્રગણ્ય નેતાઓ ઈ.સ.૧૯૪૨ માં મુંબઈમાં હતા. ઈ.સ.૧૯૪૨ માં કોર્ટમાં નોકરી કરતા હતા. નોકરી કર્યા પછી સાંજે મુંબઈમાં બિરલા હાઉસમાં પૂજય ગાંધીજીની પ્રાર્થનામાં હાજરી આપી રતિલાલ દરરોજ રાત્રે મલાડ મુકામે જતા હતા. પૂજય ગાંધીજી અને ઈતર અગ્રણ્ય દેશના નેતાઓ મુંબઈ સ્થિત હતા અને રાષ્ટ્રીય ચળવળને આગળ વધારવા રતિલાલ વિચાર વિમર્શ કરતા અને મીટીંગો યોજતા હતા.

ઈ.સ.૧૯૪૨ ની ૮મી ઓગસ્ટે દાદર (મુંબઈ) મુકામે ગાંધીજીની નેતાગીરીમાં શિવાજી મેદાનમાં મોટી જાહેર સભા યોજવામાં આવી હતી. આ સભામાં પાંચથી છ લાખની જનતા હતી અને બધા જ દેશ નેતાઓ હાજર હતા. તે વખતે અંગ્રેજ શાસનને "હિંદ છોડો" કિવટ ઈન્ડિયાનું જાહેર એલાન કર્યું. અંગ્રેજો ભારત છોડી જાય તે પ્રકારનું આંદોલન શરૂ થયું. આ સમયે સરકારી સંસ્થાઓમાં રતિલાલ હાજરી આપતા ન હતા. બધી સરકારી અને અર્ધ સરકારી સંસ્થાઓ સ્થગિત કરી દેવાનું એલાન આપણે હિંદ છોડોની લડત ચાલુ રાખવાનું એલાન કરવામાં આવ્યું. આ સભામાં નેતાઓએ અને પૂજય ગાંધીજીએ અંગ્રેજ શાસન વિરૂધ્ધમાં સભાઓમાં ભાષણો કર્યા.

આ બધા નેતાઓને પૂજય ગાંધીજી સાથે ઈ.સ.૮–૮–૧૯૪૨ ના રોજ સામૂહિક ધરપકડ કરવામાં આવી. જનતા ઉશ્કેરાઈ ગઈ. જાહેર સભા વિખેરવા ગોરા પોલીસ સાર્જન્ટોએ ટેન્કો ફેરવી ઘણા લોકોને મારી નાંખ્યા. ટીયરગેસના મોટા શેલો છોડી જાહેર સભા વિખેરવા પ્રયત્ન કરવામાં આવ્યો. જેના કારણે આંદોલને વધારે વેગ પકડયો. મુંબઈમાં તમામ ટ્રેનો બંધ કરી દેવામાં આવી અને રેલ્વે સ્ટેશનમાં બેસી રહી અને તેમને ખૂબ વેઠવું પડયું. રતિકાકાએ આ સભામાં હાજરી આપી હતી. ડરના કારણે ટ્રેનો બંધ હોવાથી રતિકાકા દાદર મુકામથી ૧૨ થી ૧૪ કિલોમીટર ચાલીને ઘરે પહોંચ્યા. બીજા દિવસે તા.૯મી ઓગસ્ટે મલાડ પહોંચ્યા. આ સમય દરમિયાન રતિકાકાને ખૂબ દુઃખ વેઠવું પડયું હતું.

આખા દેશમાં આંદોલન શરૂ થયું અને હિંદછોડોનું સૂત્ર ગાજવા માંડયું. ઈ.સ.૧૯૪૨ ની ૯મી ઓગસ્ટે ગોવાલીયા ટેન્ક પાસે મેદાનમાં મોટા સમુદાયમાં યુવાનો અને ઈતર જાહેર જનતાની મોટી સંખ્યામાં જાહેર સભા યોજાઈ. તેઓ નારા લગાવતા હતાં કે 'અંગ્રેજો હિંદ છોડો અને સરકારી સંસ્થાઓને સ્થગિત કરો' આ ચળવળ

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal for Research in Applied History
Website : www.anshjournal.com

દરમિયાન દેશમાં કોલેજો અને હાઈસ્કૂલો બંધ રાખવામાં આવી હતી. આ રીતે જનતાએ આંદોલન કરવાનો દ્રઢ નિર્ણય કર્યો. દરેક જગ્યાએ વિવિધ ભાષણો કરવામાં આવ્યા. આ સમય દરમિયાન ગોરા અંગ્રેજ સાર્જન્ટોએ મશીનગનથી અને ટેન્કોથી જનતાના યુવાનોને મોત ભેગા કરી ત્રાસ વર્તાવ્યો.[૨]

ઈ.સ.૧૯૪૨ ની સ્વરાજય મેળવવાની લડતને કરડી નાખવા ખૂબ અત્યાચાર ગુજાર્યો હતો. આ રીતે સ્વરાજય મેળવવા માટે સ્વાતંત્ર્ય સૈનિકોએ શહીદી વહોરી હતી. જેનો ઈતિહાસ ગૌરવ ભર્યો છે.

ઈ.સ.૧૯૪૨ પછી કોંગ્રેસ દ્વારા રતિલાલ મલાડ એટલે મુંબઈ ખાતે ભુગર્ભ પ્રેસ ચલાવતા હતા. મલાડ રેલ્વે સ્ટેશન પાસે મુકતા બાગ નામે બગીચો હતો. જેમાં રતિલાલે પોતાના નામે રૂમ ભાડે રાખી હતી. આ રૂમમાં ગુપ્ત ભૂગર્ભ પ્રિન્ટિંગ પ્રેસ શરૂ કરેલ હતો. જેમાં ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અને મરાઠી એમ ચાર ભાષાઓમાં પત્રિકાઓ છાપવામાં આવતી હતી. ઈ.સ.૧૯૪૨ પછીના સમયમાં સ્વરાજયની ચળવળના સમાચાર અને અંગ્રેજ શાસન વિરોધી પત્રિકાઓ છાપવામાં આવતી તેમજ પુસ્તિકાઓ પણ છાપવાનું શરૂ કર્યુ હતું.

ઈ.સ.૧૯૪૨ પછી ગેરકાયદેસર ભૂગર્ભ પ્રેસ ચલાવવામાં આવતુ હતું અને તે માટે જરૂરી કાર્યકરો છુપી રીતે પ્રિન્ટીંગ પ્રેસમાં કામ કરતા હતા. તેની સાથે સાથે છપાયેલ સાહિત્ય ગુપ્ત રીતે પૂના અને સુરત સુધી વહેંચવામાં આવતું હતું. રતિલાલ દ્વારા મલાડ (મુંબઈ) મુકામે ગેરકાયદેસર ચાલતું પ્રિન્ટીંગ પ્રેસ ઈ.સ.૧૯૪૫ માં અંગ્રેજ સરકારે પકડી પાડયું હતું. આ બનાવને ઘણા લાંબા વર્ષો વિતી જવાથી આ સમયે તેમની ધરપકડ કરવામાં આવી હતી. આ સમયે રતિલાલ સાથે શ્રી સત્યકામ પટેલ અને છગનભાઈ પટેલની ધરપકડ કરવામાં આવી હતી અને તેના પછી બીજા કાર્યકરોને પણ પોલીસે પકડી કાચી જેલમાં પુરી દીધા હતા અને ગુપ્ત પ્રિન્ટીંગ પ્રેસનો પણ કબજો લીધો હતો.

કાચી જેલ ભોગવતા રાષ્ટ્રીય કાર્યકરોએ પ્રિન્ટીંગ પ્રેસ રતિલાલ કાલિદાસ રાવલનું છે અને તેમના નામે રૂમ ભાડે ચાલે છે તેમ કહ્યું અને અમે પ્રિન્ટીંગ પ્રેસ અંગે કંઈ જાણતા નથી તેવો પોલીસોને જવાબ આપ્યો હતો અને રાષ્ટ્રીય કાર્યકરોએ રતિલાલના વડાલી ગામનું સરનામું પોલીસોને આપેલ હતું. આ ચળવળ દરમિયાન ઈલેકટ્રિક ટ્રેનો ચાલુ થઈ હતી અને જાહેર જનતાએ આ ટ્રેનને ચાલવા દીધી ન હતી. રેલ્વેના પાટાઓ ઉપર અવરોધક સાધનો મુકી અંગ્રેજો સામે રોષ દર્શાવ્યો હતો. લગભગ આઠેક દિવસ સુધી ટ્રેનો અનિયમિત ચાલી હતી. છેવટે એસ.આર.પી. ના નીચાપણે ટ્રેનો ચાલુ કરવામાં આવી હતી.

આમ હિંદ છોડો ચળવળમાં રતિલાલ કાલિદાસ રાવલે પોતાની મહત્વની ભૂમિકા અદા કરી હતી.

**વ્યકિતગત સત્યાગ્રહ :**

ઈ.સ.૧૯૪૦ માં વ્યકિતગત સત્યાગ્રહ શરૂ કરવામાં આવ્યો હતો. જેમાં આ સત્યાગ્રહના સ્થાપક તરીકે ગાંધીજીએ પૂજય વિનોબા ભાવેની નિમણૂંક કરી હતી. ઈ.સ.૧૯૪૨ માં સ્વાતંત્ર્યની લડતમાં વ્યકિતગત સત્યાગ્રહ ચાલુ જ હતો. આ સમય દરમિયાન વિનોબા ભાવેની ધરપકડ કરવામાં આવી હતી. આ સમય દરમિયાન રતિલાલ વિનોબા ભાવે સાથે કામ કરતા હતા. રતિલાલને પણ વ્યકિતગત સત્યાગ્રહમાં જોડાઈને જેલમાં જવાના કાર્યક્રમમાં રસ હતો નહીં પરંતુ અંગ્રેજોના શાસન સામે ભૂગર્ભ પ્રવૃત્તિ તરીકે ભૂગર્ભ પ્રિન્ટીંગ પ્રેસની સ્થાપના કરી.

રતિલાલ રાવલે આ સત્યાગ્રહ દરમિયાન ચાર ભાષાઓમાં અંગ્રેજ સરકાર સામે પત્રિકાઓ છાપી હતી અને આ પત્રિકાઓ પૂના અને સુરત સુધી વહેંચવાનું કાર્ય ગોઠવ્યું હતું. આ પ્રિન્ટીંગ પ્રેસ ભારતીય કોંગ્રેસે વસાવી આપ્યું હતું અને તેના માટે મકાન રતિલાલના નામે ભાડે રાખવામાં આવ્યું હતું. મલાડ રેલ્વે સ્ટેશનની પાસે મુકતાબાગમાં છૂપી રીતે ગેરકાયદેસર વીજળીની મદદ સિવાય હાથેથી પત્રિકાઓ તથા પુસ્તિકાઓનું પ્રકાશન કરવામાં આવતું હતું. વહેંચણીના મુખ્ય કાર્યકર્તાઓમાં મહારાષ્ટ્રના રાષ્ટ્રીય સેવાભાવી શ્રીમાન ગુપ્તે નામે

Ansh - Journal of History
A Peer Reviewed International Refereed Journal
E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal for Research in Applied History
Website : www.anshjournal.com

આગેવાન હતા. ૧૨ થી ૧૪ કોમ્પોઝીટરો છુપી રાત્રે ચાર ભાષામાં પત્રિકાઓ અને પુસ્તિકાઓનું લખાણ ગોઠવતા હતા. ડાયનેમાઈટના પદાર્થો પણ આ મકાનમાં રાખતા હતા. આ પત્રિકાઓનો ઉપયોગ ગુપ્ત રીતે હાઈકમાન્ડની સૂચના મુજબ કરવામાં આવતો હતો.

અંગ્રેજો દ્વારા રતિલાલની ધરપકડ કરવામાં આવી હતી અને પ્રિન્ટીંગ સાથે કામ કરતા બીજા કાર્યકરોની પણ ધરપકડ કરવામાં આવી હતી અને અંગ્રેજોએ પ્રિન્ટીંગ પ્રેસનો કબજો લઈ લીધો હતો. ત્યારબાદ ત્યાંથી છૂટી ગયા હતા પણ અંગ્રેજ સરકારના પોલીસોને રતિલાલને પકડવા માટે વોરંટ બહાર પાડયુ હતું અને તે વોરંટ તે વખતના સાદરા ગામે પોલીટીકલ એજન્ટની કચેરી દ્વારા હિંમતનગર જે ઈડર સ્ટેટની રાજધાની નગર હતું. તેના દ્વારા ડી.એસ.પી. ને મોકલ્યુ હતું. ઈ.સ.૧૯૪૪–૪૫ માં રતિલાલની વડાલી મુકામે ધરપકડ કરી હતી. રતિલાલ મુંબઈની અંધેરી નગરની ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટની કોર્ટના આરોપી હતા. ત્યારબાદ રતિલાલને પકડીને ઈડર નગરની કોર્ટમાં લાવવામાં આવ્યા. ત્યારબાદ તેમને જામીન અરજી આપતા રતિલાલ જામીન પર છુટીને વડાલી નગરમાં રહેવા આવ્યા.

**ધરપકડ :**

ભૂગર્ભમાં પત્રિકાઓ છાપવાના કાર્યની અંગ્રેજોને ખબર પડી જતાં તેમણે રતિલાલની ધરપકડ કરવાની કામગીરી હાથ પર લીધી. ઘણા પ્રયાસો કર્યા છતાં રતિલાલ હાથ પર આવ્યા નહીં. તેમનેઆ પર્દાફાશની જાણ થતાં તેઓ ભૂગર્ભ પ્રવૃત્તિઓની બધીજ સામગ્રી વડાલી લઈને આવી ગયા. ૧૪ કર્મચારીઓ સાથે તેમને જે પ્રવૃત્તિ મુંબઈમાં કરી હતી તેનું વોરંટ કાઢીને સરકાર તેમનો પીછો કરતી હતી. આ દરમિયાન ૧૯૪૪ માં ઈડર સ્ટેટના ડી.એસ.પી. એ રતિલાલની વડાલીમાં ધરપકડ કરી અને તેમના પર કેસ ચલાવવામાં આવ્યો. રતિલાલને એક માસ જેલમાં રાખવામાં આવ્યાં.

મુંબઈના આરોપી તરીકે ઈડરમાં પોલીસ કસ્ટડીમાં રાખવામાં આવ્યા. ઈડર પોલીસ કસ્ટડીમાંથી પોલીસ કોન્સ્ટેબલના છોકરાઓને ભણાવવા માટે કસ્ટડીમાંથી બહાર કાઢવામાં આવ્યા. આ સમય દરમિયાન પોલીસ કવાર્ટરની ચોપાડમાં છોકરાઓને ભણાવતા હતા. ઈડર રાજયના ડી.એસ.પી. દરરોજ આ સમયે પોલીસ કવાર્ટરમાં આવતા હતા. જયારે ડી.એસ.પી. રતિલાલને પોલીસ કવાર્ટરમાં જોઈ ગયા ત્યારે પોલીસ સ્ટાફને ખૂબ ધમકાવ્યો અને ગુસ્સે થઈ બોલ્યા કે આ મુંબઈના આરોપીને જેલમાં મૂકી દો. આથી રતિલાલને ફરીથી જેલમાં પુરી દેવામાં આવ્યા. જેલમાં રતિલાલ રૂમમાં એકલા હતા.

બે માસ સુધી મુંબઈના આરોપી તરીકે વડાલીથી ઈડર સ્ટેટની પોલીસે મુંબઈ મુકામે મુંબઈ કોર્ટમાં હાજર કરવામાં આવ્યા. ત્યાં કોર્ટમાં કેસ ચલાવવામાં આવ્યો અને રતિલાલને દોષિત સાબિત કરવામાં આવ્યા. ત્યારબાદ રતિલાલને આર્થર જેલમાં મોકલી દેવામાં આવ્યા. ઈ.સ.૧૯૪૪–૪૫ માં આર્થર જેલમાં આશરે સાડા ત્રણ મહિના સુધી જેલમાં રાખવામાં આવ્યા. રતિલાલના સાથીદારો જે રતિલાલ પકડાયા છે પહેલા ૧૧ મહિના જેલમાં રહ્યા હતા. રતિલાલ અને તેમના સાથીઓને પકડયા પછી આર્થર જેલમાં ડીફેન્સ ઓફ ઈન્ડિયા એકટ નીચે અટકમાં રાખવામાં આવ્યા હતા.

આર્થર જેલમાં રતિલાલના ગયા પછી તેમના સાથીદારો પર ગેરકાયદેસર સાહિત્યની જાણકારી તથા વહેંચણી કાર્યનો આરોપ મૂકી અંધેરી મુકામે તમેના પર કેસ ચલાવવામાં આવ્યો અને બાર મહિનાની સજા કરવામાં

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal for Research in Applied History
Website : www.anshjournal.com

આવી. આમ અગિયાર મહિના જેલમાં વીતાવ્યા પછી એક મહિનો બાકી હતો ત્યારે ૧૧ વ્યક્તિઓને યરોડા જેલમાં પુના મોકલવામાં આવ્યા હતા. ત્યારબાદ રતિલાલ સામે પ્રિન્ટિંગ પ્રેસનો કબજો અને માલિકીનો આરોપ લગાડવામાં આવ્યો. આ સમય પહેલા રતિલાલને જામીન પર છોડવામાં આવ્યા હતા અને અંધેરી કોર્ટમાં જાણીતા વકીલ માનનીય ઝપ્પે સાહેબે રતિલાલને એક વર્ષ સુધી કેસ લડયાં. ત્યારબાદ રતિલાલ કેસ જીતી જતા તેમને કોર્ટે નિર્દોષ જાહેર કર્યા.[૩]

**જેલવાસ દરમિયાન પ્રવૃત્તિઓ :**

ઈ.સ.૧૯૪૪–૪૫ માં વડાલી મુકામે ઈડર સ્ટેટના ડી.એસ.પી. સાહેબ દ્વારા રતિલાલ રાવલની વડાલી મુકામે ધરપકડ કરવામાં આવી અને મુંબઈના આરોપી તરીકે ઈડરમાં પોલીસ કસ્ટડીમાં રાખવામાં આવ્યા. ઈડર પોલીસ કસ્ટડીમાંથી તેમને જેલમાં પ્રવૃત્તિઓ કરવાની શરૂઆત કરી. તેઓ પોલીસ કોન્સ્ટેબલના છોકરાઓને ભણાવવાની પ્રવૃત્તિ હાથ ધરી. આથી પોલીસ કોન્સ્ટેબલોએ રતિલાલને જેલમાંથી બહાર કાઢયા અને પોલીસ હેડ કવાર્ટરમાં તેમને છોકરાઓને ભણાવવા માટે જગ્યા આપી. ત્યારબાદ રતિલાલ રાવલ કોન્સ્ટેબલોના છોકરાઓને કવાર્ટરની ચોપાડમાં ભણાવતા. આ સમય દરમિયાન એક સમયે ઓચિંતા ઈડર રાજયના ડી.એસ.પી. સાહેબ આવી ગયા હતા. આ સમયે રતિલાલને જેલની બહાર જોઈને પોલીસ સ્ટાફ ઉપર ખુબ ગુસ્સે થઈ ગયા હતા અને પોલીસ સ્ટાફને ધમકાવ્યો હતો. ત્યારબાદ ગુસ્સે થઈને બોલ્યા કે આ મુંબઈના આરોપીને બહાર કઢાય જ નહીં. આ ક્રાન્તિકારી આરોપી છે અને રતિલાલને ફરીથી જેલમાં પૂરી દીધો.

ઈડર જેલમાં રૂમમાં રતિલાલ એકલા હતા. તેથી તેમણે સમયનો સદઉપયોગ કરવાનું વિચાર્યું. રતિલાલે બે–ત્રણ દિવસ પછી ઈડરના પોલીસ સુબેદારને કહીને પોલીસ બંધુઓના છોકરાઓને જેલમાં રૂમમાં ભણાવવાનું કહ્યું. ત્યારબાદ પોલીસ સુબેદારોને આ વાતની હા પાડી. રતિલાલ ત્યારબાદ છોકરાઓને જેલમાં ભણાવવાનું શરૂ કર્યું. રાત્રે છોકરાઓને જેલમાં ભણાવવા મોકલવામાં આવતા હતા અને જેલમાં રાત્રી સમય દરમિયાન દરવાજાને તાળું મારી દેવામાં આવતું હતું. જેલમાં રાત્રી દરમિયાન પોલીસના છોકરાઓને રતિલાલ ભણાવતા હતા. આ રીતે તેઓ જેલમાં પોતાનો સમય પસાર કરતા હતા. આ સમય દરમિયાન ઈડર સ્ટેટની જેલમાં તેઓ કેદી તરીકે પુરાયા હતા.

**સંદર્ભ સૂચિ**

૧. સાબરકાંઠાના સ્વાતંત્ર્ય સેનાનીઓ, સાબરકાંઠા ગેઝેટીયર, ૧૯૪૯
૨. રતિલાલ કાલિદાસ રાવલ, સત્યમેવ જયતે, સત્યમ સોસાયટી, હિંમતનગર, ૨૦૦૪
૩. ગેઝેટીયર ઓફ ઈન્ડિયા, ગુજરાત સ્ટેટ, સાબરકાંઠા ડિસ્ટ્રિકટ